# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-04-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ગાંધીધામ મહાનગર પાલિકાને સરકાર દ્વારા 104 કરોડ મળશે:

રાજ્ય સરકારે, શહેરો અને શહેરી વિસ્તારોના વિકાસ માટે 1 હજાર 202.75 કરોડ રૂપિયાના વિકાસકામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે, જે પૈકી ગાંધીધામને રૂપિયા 104 કરોડ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની નવરચિત 8 મહા નગરપાલિકામાં રોડ-રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઇટ, સેનિટેશન જેવા ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામો ઉપરાંત આંગણવાડી, શાળાના મકાનો, લાઈબ્રેરી, શહેરી આરોગ્ય કેન્દ્રો વગેરે કામો માટે નાણાં ફાળવ્યાં છે.

----------------------------------------------------------------------------------------------------

## આરટીઈ અંતર્ગત પ્રવેશ:

શિક્ષણ વિભાગ દ્વારા ચાલી રહેલી આરટીઇ પ્રક્રિયા અંતર્ગત કચ્છ જિલ્લામાં ખાનગી શાળાઓમાં નિ:શુલ્ક પ્રવેશ માટે 15 એપ્રિલ સુધી ઓનલાઇન ફોર્મ ભરવાની મર્યાદા હતી. આ સમયગાળા દરમિયાન વાલીનો શરતચૂકના કારણે કોઇ અધૂરાશ કે ડોક્યુમેન્ટ અપલોડના કારણે અરજી રદ થઇ હોય તેઓને હવે 23 એપ્રિલ સુધી અધુરાશો પુર્ણ કરી ડોક્યુમેન્ટ અપલોડ કરવાની તક આપવામાં આવી છે. કચ્છ જિલ્લામાં અત્યાર સુધી 5 હજાર 846 જેટલાં ઓનલાઈન ફોર્મ ભરાયા છે જે પૈકી 4 હજાર 321 ફોર્મ મંજૂર કરાયા છે.

----------------------------------------------------------------------------------------------------

## માલધારી સહકારી મંડળીની બેઠક:

ભુજ તાલુકાના તુગા ગામે ઊંટ ઉછેરક માલધારી સહકારી મંડળીના સભ્યોની મિટિંગ મળી હતી.. મંડળીના પ્રમુખ જબારભાઇ સમાએ જણાવ્યું હતું કે પચ્છમમાં 12 જ સમુદાયનાં ટોળાં અને 475 ઊંટ, ઊંટડીની સંખ્યા બચી છે. થોડાક સમય પહેલાં પચ્છમ વિસ્તારમાં 3000 જેટલા ઉંટની સંખ્યા હતી હવે 475 જ ઊંટ હાલે આ પંથકમાં છે. ઉંટની આ ઘટેલી સંખ્યા ચિંતાનો વિષય છે.

---

## હમીસર તળાવની સફાઈ:

ભુજ બ્લોગર્સ અને જાગૃત નાગરિકો દ્વારા ભુજના હમીરસર તળાવને સાફ રાખવાના હેતુથી રવિવારની રજાનો સદુપયોગ કરીને સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું, જેમાં પ્લાસ્ટિક સહિતનો એક ટનથી વધુ કચરો એકત્ર કરાયો હતો અને તેનો નિકાલ કરાયો હતો. આ પ્રસંગે પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવાના સંદેશ સાથે રિ-યુઝેબલ થેલીનું વિતરણ કરાયું હતું. `મારું ભુજ મારી જવાબદારી' એ ઉદ્દેશ સાથે ભુજ બ્લોગર્સ અને સાથી કાર્યકરો દ્વારા જાગૃત થઇ કચરો ન કરવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અપીલ કરાઇ હતી.

---

## હવામાન:

કચ્છમાં છેલ્લા બે દિવસથી વેગીલા પવન ફૂંકાઇ રહ્યા છે પણ આ પવનના કારણે ગરમીમાં આજે કોઇપણ પ્રકારની રાહત મળી નથી. ગઇકાલે ભુજમાં મહત્તમ તાપમાન 40.2 ડિગ્રી તાપમાન સાથે શહેરીજનોએ આકરા તાપનો અનુભવ કર્યો હતો. હવામાન વિભાગે આગામી 21 કલાક સુધી આવું તાપમાન યથાવત્ રહ્યા બાદ ફરી એકવાર મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઊંચકાય તેવી આગાહી કરી છે. હાલનું વાતાવરણ જોતાં લોકોને ગરમીમાંથી રાહત મળે તેવા કોઇ એંધાણ દેખાતાં નથી.

---

## મહેશ્વરી સમાજના લોકોની પાકિસ્તાન યાત્રા:

કચ્છથી મહેશપંથી મહેશ્વરી સમાજના 37 લોકોનો સંઘ પાકિસ્તાનમાં આવેલા યાત્રાધામોએ દર્શનાર્થે જતાં આ સંઘ વાઘાબોર્ડર થઇને પાકિસ્તાનના કરાચી પહોંચતાં મહેશ્વરી સમાજવાડી ખાતે સ્વાગત કરાયું હતું. મહેશ્વરી સમાજના પાકિસ્તાનમાં ચાર પવિત્ર યાત્રાધામો આવેલા છે. 16 એપ્રિલના  ગાંધીધામથી મહેશ્વરી સમાજના 37 લોકોનો સંઘ પાકિસ્તાનમાં આવેલા યાત્રાધામોના દર્શન માટે રવાના થયો હતો . આ સંઘ ટ્રેન મારફતે ગાંધીધામથી જોધપુર અને ત્યાંથી રાત્રે અમૃતસર અને ત્યાંથી અટારી થઇને વાઘાબોર્ડરે પહોંચ્યો હતો. વાઘા બોર્ડરે યાત્રાળુઓનું ચેકિંગ થયા બાદ કરાચી મહેશ્વરી સમાજના અગ્રણઓ દ્વારા બસ મારફતે યાત્રાળુઓને લઇ જવામાં આવ્યા હતા અને ત્યાં  સ્વાગત કરાયું હતું.

---------------------------------------------------------------------------------------------------

## અબડાસા વિધાનસભા વિકાસ કામો:

અબડાસા વિધાનસભા વિસ્તાર પાણી-રસ્તાના વિકાસ કામો માટે રૂા. 1 હજાર 885.54 લાખની રકમ સરકાર દ્વારા મંજૂર થતાં કામોના પ્રારંભ માટે ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા દ્વારા અબડાસાના નલિયા, બાંડિયા, ઉત્સીયા, કુવાપદ્ધર, ભારાપર, પૈયા, બાલાપર, નાની સિંચાઈ રસ્તા કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ વધુ વિકાસ ગતીએ જનજાગૃતિ રાખવા અનુરોધ કર્યો હતો.

---------------------------------------------------------------------------------------------------

## GPSC-પરીક્ષા:

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત મુલ્કી સેવા વર્ગ-1 અને વર્ગ-2 તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-2ની કુલ 244 જગ્યા માટે ગઇકાલે યોજાયેલી પ્રીલીમરી પરીક્ષામાં   કચ્છમાંથી નોંધાયેલા 2હજાર 093 ઉમેદવાર પૈકી   1 હજાર 829 પરીક્ષાર્થીએ પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમ્યાન ઉમેદવારોની ચકાસણી અર્થે મહિલા પોલીસ સહિતના કર્મચારીઓ તેમજ આરોગ્યની ટીમ હાજર રખાઈ હતી.

---------------------------------------------------------------------------------------------------